## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



આ વખતે તમે ટાઢી સાતમ નહીં કરો... ખબર છે ને ?? બીજા દિવસે પંદર ઓગષ્ટની પરેડ છે..!!

# ૨૧ ઓગષ્ટથી જિલ્લામાં ગ્રામસભા અભિયાન યોજાશે તેવા સંકેતો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં ઓગષ્ટના અંતિમ ચરણમાં ગ્રામસભાઓનું આયોજન કરવામાં આવશે. આ માટે તંત્ર દ્વારા આયોજન હાથ ધરવામાં આવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે ૨૧ ઓગષ્ટ પછી આ ગ્રામસભાનો તબક્કો હાથ ધરવામાં આવશે. આ ગ્રામસભાઓ ગ્રામ વિકાસ વિભાગ દ્વારા યોજવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે નવેમ્બર ડિસેમ્બરમાં રાજ્ય વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ હોવાથી ગ્રામ વિકાસની મનરેગા સહિતની યોજનાઓ અંગેનું લેબર બજેટ તૈયાર કરવામાં આચારસંહિતાનું વિઘ્ન આવી શકે છે. આથી ઓગષ્ટ માસના અંતિમ ચરણમાં આ અભિયાન હાથ ધરવામાં આવશે.

આ ગ્રામસભા અભિયાન પછી તંત્ર દ્વારા લેબર બજેટ તૈયાર કરવાની તાલુકાકક્ષાએ અને જિલ્લા કક્ષાએ કામગીરી હાથ ધરવામાં આવશે.

સપ્ટેમ્બર માસમાં સરકાર દ્વારા ગરીબ કલ્યાણ મેળાઓનું પણ આયોજન વિચારણા હેઠળ હોવાથી તંત્રના કાર્યભારણમાં વધારો થવાની શક્યતાને પગલે આ નિર્ણય લેવામાં આવશે તેવા સંકેતો મળી રહ્યા છે.

જિલ્લામાં ૩૦ ઓગષ્ટ સુધીમાં ગ્રામસભા અભિયાન સંપન્ન કરાશે તેવા સંકેતો હાલ મળી રહ્યા છે.



## 'ચોટલીકાંડ' બાબતે અફવા-અંધશ્રદ્ધાને વેગ ન આપવા બેઠક

દેશના અન્ય રાજ્યોની જેમ ગુજરાતમાં પણ મહિલાઓની ચોટલી કાપવાની ઘટનાઓના પગલે ભયનું વાતાવરણ ફેલાઈ રહ્યું છે. મોટે ભાગે આ ઘટનાઓમાં અંધશ્રદ્ધા ફેલાતી હોવાનું ફલિત થઈ રહ્યું છે. આ સ્થિતિમાં નાગરિકોમાં અંધશ્રદ્ધા વધુ ન પ્રસરે તે હેતુથી જાગૃતિ લાવવા રેશનલ વિચારસરણી ધરાવતા અગ્રણીઓની એક બેઠક ગાંધીનગરના નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં આ બાબતે ચર્ચા કરી નાગરિકોમાં સાચી સમજણ સાથે જાગૃતિ ફેલાવવા અનુરોધ કરવામાં આવ્યો હતો અને નાગરિકોને અફવાઓથી દૂર રહેવા જણાવાયું હતુ.

# સે-૨૧ શોંપીગ સેન્ટર ખાતે આર્યુવેદિક ઉકાળાનું વિતરણ

ગાંધીનગર, તા.૧૩

આરોગ્ય શાખા, ગુજરાત રાજયના માર્ગદર્શન હેઠળ રોગચાળા સામે રક્ષણ આપતા આર્યુવેદ ઉકાળાનું વિતરણ જ લઈને બપોર સુધી ઉકાળાનો લાભ લઈ રહ્યા છે.

સમગ્ર રાજયમાં સ્વાઈન ફલુનો કહેર જોવા મળી રહ્યો છે. આરોગ્ય તંત્ર પણ દોડતુ તંત્ર હરકતમાં આવી ગયું છે. રોગચાળો કાબુ કરવા તંત્રએ કમરકસી છે. ત્યારે સ્વાઈન ફલુ સહિત તમામ રોગો સામે રક્ષણ આપે છે. આ ઉકાળો પીવાથી



આજથી સેકટર-૨૧ ડિસ્ટ્રીકટ શોંપીગ સેન્ટર રીલાયન્સ મોલની પાછળની બાજુએ સવારે ૧૦ વાગ્યાથી શરુ કરવામાં આવેલ છે. સ્વાઈન ફલુનો રોગ વકરી રહ્યો છે ત્યારે આ આર્યુવેદિક ઉકાળો વ્યકિતની રોગ પ્રતિકારક શકિતમાં વધારો કરે છે. જેથી સે-૨૧ મિત્ર વર્તુળ દ્વારા હજ્જારો લીટર ઉકાળો શહેરના નાગરીકોને પીવડાવવામાં આવે છે. શહેરના નાગરીકો સવારથી થઈ ગયુ છે. સ્વાઈન ફલુને કાબુમાં કરવા તંત્રએ કવાયત હાથ ધરી છે. ત્યારે ગાંધીનગર શહેરમાં પણ પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળો વકરી રહ્યો છે. શહેરમાં તાવ, ઝાડા-ઉલ્ટી, શરદી-ખાંસી, સહિતના દર્દીઓ ઘરે ઘરે જોવા મળી રહ્યા છે. તે ઉપરાંત જિલ્લામાંથી અત્યાર સુધીમાં સ્વાઈન ફલુના પણ ૩૦ થી વધુ કેસ સામે આવ્યા છે.જેને પગલે આરોગ્ય વ્યકિતની રોગ પ્રતિકારક શકિતમાં વધારો થાય છે. ત્યારે આર્યુવેદિક ઉકાળો સેકટર-૨૧ મિત્ર વર્તુળ દ્વારા આજથી વિનામુલ્યે આપવામાં આવી રહ્યો છે. ઉકાળો સવારે ૧૦ વાગ્યાથી હોય ત્યા સુધી વિતરણ કરવામાં આવે છે. જેથી શહેરના દરેક નાગરીકને આ ઉકાળાનો લાભ લેવા સે-૨૧ મિત્ર વર્તુળ દ્વારા અનુરોધ કરાયો છે.

## સે-૧૬ પ્રાથમિક શાળામાં સીઆરસી કલસ્ટરનો રમતોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરના સેકટર-૧૬માં સરકારી પ્રાથમિક શાળા ખાતે સીઆરસી કલસ્ટર કક્ષાનો રમતોત્સવ યોજાયો હતો. આ રમતોત્સવમાં વિવિધ સ્પર્ધાઓ જેવી કે દોડ, ખો-ખો, કબડ્ડી, લાંબી કૂદ, ગોળા ફેંક તથા યોગાસન વગેરેની સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં કુલ ૧૦૪ રમતવીરોએ ભાગ લીધો હતો.

સીઆરસી સે-૧૬ કલસ્ટર ખાતાના રમતોત્સવ પ્રસંગે સ્થાનિક સામાજિક અગ્રણી પ્રદિપસિંહ વાઘેલા તથા યુવા સામાજિક કાર્યકર વિજયસિંહ માજીરાણા ઉપસ્થિત રહ્યા હતા. પ્રદિપસિંહ તથા વિજયસિંહે ટોસ ઉછાળી કબડ્ડી અને ખો-ખોની રમતનો પ્રારંભ કરાવ્યો હતો. બાળ રમતવીરોએ ૧૦૦ મીટરદોડ, લાંબી કૂદ, ગોળા ફેંક, યોગાસન વગેરેમાં પણ તેમના કૌશલ્યનું નિદર્શન કર્યું હતું. સ્પર્ધામાં વિજેતાઓ સહિત ભાગ લેનાર તમામ સ્પર્ધકોનું પ્રોત્સાહક ઈનામો તથા પ્રમાણપત્રો દ્વારા સન્માન કરાયું હતું. આ રમતોત્સવમાં સેકટર-૧૬ની પ્રાથમિક શાળાના રમતવીરો કબડ્ડી, ખો-ખો, ૧૦૦ મી. દોડ ભાઈઓ તથા બહેનો, ગોળા ફેંક ભાઈઓ અને યોગાસન ભાઈઓ માટેમાં પ્રથમ ક્રમાંકે વિજેતા બન્યા હતા. સમગ્ર રમતોત્સવના આયોજન માટે આચાર્ય અરૂણભાઈ પટેલ તથા સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

## જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ તેજસ્વી તારલાઓને સન્માનશે

ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટના પ્રમુખ વિક્રમસિંહ ગોલ દ્વારા જણાવવામાં આવ્યું છે કે આગામી તા.૨૦ ઓગસ્ટને રવિવારના રોજ બપોરે ૨ કલાકે રાજપૂત સમાજ ભવન સે-૧૨ ખાતે શૈક્ષણિક ક્ષેત્રે ઉચ્ચ કારકીર્દી ઘડી હોય તેમજ સારા ગુણ મેળવ્યા હોય તેવા સમાજના તેજસ્વી તારલાઓને ઈનામ આપી પ્રોત્સાહીત કરવામાં આવશે. આ પ્રસંગે સમાજના સૌ ભાઈ બહેનો યુવા વડીલોને હાજર રહેવા વિક્રમસિંહ ગોલે અનુરોધ કર્યો છે.ઉપરાંત કાર્યક્રમના અંતે સમાજના સૌ ભાઈ બહેનો માટે સ્વરુચી ભોજન પણ રાખવામાં આવેલ છે.

## ચિલોડા ગ્રામ્ય વિસ્તારમાં સ્વાતંત્ર્યદિન પૂર્વે ભાજપ દ્વારા તિરંગા યાત્રા યોજાઈ

ચિલોડા, તા.૧૩

ગાંધીનગર જિલ્લા તાલુકા ભાજપ દ્વારા ૧૫મી ઓગસ્ટ ૭૧મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી પૂર્વે તિરંગા યાત્રાનું આયોજન દક્ષિણ વિધાનસભા મત વિસ્તારના ગામોમાં કરવામાં આવ્યું હતું. આ તિરંગા યાત્રામાં વિધાનસભાના ઉપાધ્યક્ષ દ. મત વિસ્તારના ધારાસભ્ય શંભુજી ઠાકોર, ઉત્તરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ ભાજપના જિલ્લા પ્રમુખ નૈલેષભાઈ શાહ, મહામંત્રી આઈ.બી. વાઘેલા, તાલુકા પંચાયતના પ્રમુખ કાળુસિંહ રાઠોડ, જિલ્લા ભાજપ પ્રભારી પૃથ્વી રાજભાઈ, તાલુકા ભાજપ મહામંત્રી રવજીભાઈ, તાલુકા ભાજપ મહામંત્રી રવિભાઈ, લલિતસિંહ યાદવ, રમેશભાઈ પટેલ સહિત ભાજપના હોદ્દેદારો તથા કાર્યકરો બાઈક સાથે તિરંગો લઈ ચિલોડા ડભોડા, લવારપુર, પ્રાંતિયા, ડભોડા, શિહોલી મોટી વગેરે ગામોમાં તિરંગા યાત્રામાં ઉત્સાહભેર જોડાયા હતા.



ત્રિરંગા યાત્રા રેલીનું આયોજન કરેલ જેમાં ગાંધીનગર ભાજપના સૌ આગેવાનો, મહિલા, યુવા કાર્યકર્તાઓ જોડાયા હતા અને સૌ સાથે મળી ઈન્ફોસિટીમાં સમાપન બાદ નરેન્દ્રભાઈ મોદીના ન્યૂ ઈન્ડિયાના સંકલ્પને સાકાર કરવા શપથ લીધા હતા.

## ગાંધીનગર પ્રજાપતિ સમાજ દ્વારા પોલો ફોરેસ્ટ પ્રવાસ યોજાશે

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર પ્રજાપતિ સમાજ દ્વારા આગામી તા. ૨૦ ઓગસ્ટને રવિવારના રોજ વિજયનગર ખાતે આવેલ કુદરતી સૌંદર્ય પોલો ફોરેસ્ટના એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવેલ છે. ગણતરીની સંખ્યામાં સમાજના ભાઈ બહેનોને લઈ જવાના હોવાથી વહેલા તે પહેલાના ધોરણે રાજેન્દ્રભાઈ ૭૯૮૪૮૨૦૫૮૭, નારણભાઈ ૯૯૦૪૩૩૧૭૫૦ પાસે રૂ. ૫૦૦ જમા કરાવી નામ નોંધાવી દેવા સંસ્થાના મહામંત્રી રાજેન્દ્રભાઈએ જણાવ્યું છે.

## સેકટર-૨૭ ખાતે બિમાર ગાયની સારવાર કરાઈ

ગાંધીનગર શહેરના સેકટર-૨૭ ખાતે છેલ્લા ૩ દિવસથી સેકટરમાં આવેલ સોસાયટીના કોમન પ્લોટમાં રખડતી એક ગાય બિમાર હતી જે અંગેની જાણ સોસાયટીના વસાહતીઓ દ્વારા ગત તા. ૧૨-૮-૨૦૧૭ના રોજ રાત્રીના સમયે કોર્પોરેટર બરખાબેન જહાને કરવામાં આવી જેના અનુસંધાને આજ રોજ સવારે કોર્પોરેટર દ્વારા વેટનરી ડોકટરને બેલાવી ડોકટરની સાથે સ્થળ ઉપર જઈ બિમાર ગાયને સારવાર આપવામાં આવી તથા ગાયની નાદુરસ્ત તબિયત જોતા સાંજે પણ ડોકટર દ્વારા સારવાર આપવામાં આવશે અને જો જરૂર જણાશે તો ગાયને ગૌશાળામાં મોકલવાની વ્યવસ્થા પણ કરવામાં આવશે.

# ધ્વજવંદન કરી લો, પછી ક્યા ઓફિસર ક્યાં હશે તેની ખબર પડશે, સામૂહિક બદલીનો રાઉન્ડ આવી રહ્યો છે

## નમૂનેદાર ગાંધીનગરનો વિકાસ રૂંધાયો, ત્રણ વર્ષમાં એક પણ નવી યોજના નહીં

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ગુજરાતમાં ૧૫મી ઓગષ્ટના ધ્વજવંદન પછી વહીવટી ક્ષેત્રે મહત્વના ફેરફારો તોળાઈ રહ્યાં છે. કેન્દ્રીય ચૂંટણી પંચે કહ્યું છે કે જે ઓફિસરોને તેમની જગ્યા પર ત્રણ વર્ષથી વધુ સમય થયો હોય તેમને બદલવા પડશે, એટલું જ નહીં અધિકારી કે કર્મચારીને તેની વતનની જગ્યાએથી હટાવી લેવા જોઈએ. કમિશનના આદેશ પછી સરકારે એવા ઓફિસરોની.યાદી બનાવી છે કે જેઓને બદલવાના થાય છે. રાજ્યમાં જિલ્લા કલેક્ટરો, જિલ્લા વિકાસ અધિકારીઓ, પોલીસના અધિકારીઓ તેમજ સચિવાલયના સિનિયર ઓફિસરોની જે બદલીઓ નિયત કરવામાં આવી હતી તેનો રાઉન્ડ શરૂ થાય તેમ લાગે છે. એવું માનવામાં આવે છે કે વિધાનસભાની ચૂંટણી પહેલાંનો આ છેલ્લો રાઉન્ડ હોઇ શકે છે. મુખ્યમંત્રીના પ્રિન્સિપલ સેક્રેટરી એસ.અપર્ણાની વર્લ્ડ બેન્કમાં નિયુક્તિ કરતાં તેમની ખાલી પડેલી જગ્યાએ દિલ્હી ડેપ્યુટેશન પર ગયેલા ગિરીશચંદ્ર મુર્મુ આવી શકે છે તેવું સચિવાલયના સૂત્રો જણાવી રહ્યાં છે.

**પાટનગર ગાંધીનગરની ઉપેક્ષા ફરી વધી છે...**

ગુજરાતના પાટનગર ગાંધીનગરની ઉપેક્ષા ફરી વધી રહી છે. નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે ગાંધીનગરને જે નવા રંગ-રૂપ આપ્યા હતા તેવા વિકાસના કામો હાલની ભાજપની સરકારમાં થતા નથી. સ્વર્ણિમ સંકુલ, મહાત્મા મંદિર અને ગિફ્ટ સિટી એ ગાંધીનગરની બહુ ઝડપથી વિકસિત બનેલી ઈમારતો છે. આનંદીબહેન પટેલના સમયમાં તેમણે પંચામૃત ભવન બંધ કરાવ્યું છે. ગાંધીનગરને મેટ્રોરેલ મળતી અટકી ગઈ છે. અમદાવાદ-ગાંધીનગર વચ્ચેની બસ સર્વિસ ખાડે ગઈ છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ઈલેક્ટ્રિક બસો દોડાવવાનું વચન આપ્યું છે પરંતુ આ બન્ને સિસ્ટર સિટી વચ્ચે પબ્લિક ટ્રાન્સપોર્ટેશન એટલી હદ સુધી નિષ્ફળ ગયું છે કે મુસાફરને બે કલાકના ઈન્તજાર પછી પણ બસ મળતી નથી. ગીર ફાઉન્ડેશનની હાલત બદસૂરત બનતી જાય છે. સેક્ટર-૨૮નો ગાર્ડન મરી પરવાર્યો છે. શહેરના માર્ગો પર એટલા બધા સ્પીડબ્રેકરો મૂકી દેવામાં આવ્યા છે કે વાહનચાલકોના વાહનોની મરામત મોંઘી પડી રહી છે. સરકારી સ્કૂલોની અવદશા છે. આરોગ્ય કેન્દ્રો બંધ થતા જાય છે. ગાંધીનગરને છેલ્લા ત્રણ વર્ષમાં કંઇ નવું મળી શક્યું નથી.

### ચીફ સેક્રેટરીનો ચાર્જ મળવાથી કાયમી પોસ્ટીંગ થશે તેવું માનવાને કારણ નથી

**નવસર્જન ગુજરાત- કોંગ્રેસને ખુદને પહેલી જરૂર છે...**

ગુજરાત કોંગ્રેસ પાસે બેસ્ટ ઉમેદવારો પસંદ કરવાની તક છે પરંતુ પાર્ટી પાસે સમય નથી. પાંચ મહિના પછી વિધાનસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે કોંગ્રેસને નવા ઉમેદવારો પસંદ કરવા સમય ન મળે તે સ્વાભાવિક છે. કોંગ્રેસે જે કરવું હોય તે સમય બગાડ્યા વિના કરવું પડે તેમ છે. કહી શકાય કે કોંગ્રેસના પ્રદેશ નેતાઓએ ઓવરટાઈમ કરવો પડે તેમ છે. ૧૮૨ ઉમેદવારો પસંદ કરવામાં કોંગ્રેસને નાકે દમ આવી શકે તેમ છે. આ સંજોગોમાં એક વર્ષ પહેલાં ઉમેદવારો જાહેર કરવાની કોંગ્રેસની જાહેરાતનું બાળમરણ થયું છે. શંકરસિંહ વાઘેલાના ગયા પછી કોંગ્રેસ તૂટી છે, ઝૂકી છે. અહમદ પટેલની જીત પછી કોંગ્રેસમાં થોડી હિંમત આવી છે પરંતુ પાંચ મહિના સુધી આ હિંમત ટકાવી રાખવી અઘરી છે. કોંગ્રેસનો ૨૦૧૭નો નારો નવસર્જન ગુજરાત છે પરંતુ કોંગ્રેસે ખુદ તેની પાર્ટીમાં નવસર્જન પહેલાં કરવું પડશે, કે જેથી કોંગ્રેસ રાજ્યનું નવસર્જન કરી શકે...

**બે તબક્કે ડિસેમ્બરમાં વિધાનસભાની ચૂંટણી...**

રાજ્યમાં ભાજપ અને કોંગ્રેસ ચૂંટણી મોડમાં આવી ચૂક્યાં છે. પાંચ મહિના પછી ચૂંટણી છે ત્યારે તેની તૈયારી અત્યારથી જ શરૂ કરી દેવામાં આવી છે. ચૂંટણી પંચના સૂત્રો કહે છે કે ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી બે તબક્કે ડિસેમ્બર મહિનામા યોજાશે. આ ચૂંટણી વોટર વેરીફાઇડ પેપર ઓડિટ ટ્રેલર-વીવીપેટ સાથે યોજાશે. એટલે કે મતદાર તેનો મત ક્યાં પડ્યો છે તે સ્ક્રીન પર જોઇ શકશે. ગુજરાતમાં હાલ ૪૮૦૦૦ મતદાન મથકો છે અને તેટલી સંખ્યામાં વીવીપેટ મશીનો જોઇશે. એ ઉપરાંત વધારાના ૧૫ થી ૨૦ હજાર મશીનો રાજ્યની કસ્ટડીમાં લેવાશે, કે જેથી જ્યાં મશીન બગડ્યાં હોય ત્યાં ત્વરિત રિપ્લેસ કરી શકાય.

**રાજ્યમાં પાંચ વર્ષમાં ૫૦ લાખ મતદારો વધ્યાં છે...**

ભારતના ચૂંટણી પંચે ગુજરાતમાં જીયોગ્રાફિક ઈન્ફોર્મેશન સિસ્ટમ- જીઆઈએસ ટેકનોલોજીનો ઉપયોગ કર્યો છે. પંચે ૧૮૨ બેઠકોનો ડિજીટલ મેપ તૈયાર કર્યો છે. આ મેપ માટે પંચે ગાંધીનગર સ્થિત ભાસ્કરાચાર્ય ઈન્સ્ટીટ્યુટ ફોર સ્પેસ એપ્લિકેશન્સ એન્ડ જીઓ ઈન્ફોર્મેટિક્સની મદદ મેળવી છે. આ મેપમાં એસેમ્બલીની પ્રોફાઈલ ડીજીટલ કરી દેવામાં આવી છે, જે સપ્ટેમ્બર મહિનામાં ચૂંટણી પંચની વેબસાઈટ પર મૂકવામાં આવશે. પંચના સૂત્રો કહે છે કે ગુજરાતમાં વિધાનસભાની છેલ્લી ચૂંટણી ૨૦૧૨માં થઈ હતી ત્યારે ગુજરાતમાં ૩.૭૫ કરોડ મતદારો હતા જ્યારે ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીમાં હાલની સ્થિતિએ ૪.૨૫ કરોડ મતદારો છે. મતદાન મથકોની સંખ્યા પણ ૪૮૦૦૦ થી વધારીને ૫૦૦૦૦ કરવામાં આવે તેવી શક્યતા છે.

**ગુચ્ચી ખાવી છે? ૩૦,૦૦૦ રૂપિયે કિલો છે ભાઇ!**

એક એવી વનસ્પતિ, એક એવું શાક કે જેને ખાવાથી તંદુરસ્તી જળવાઈ રહે છે. વ્યક્તિ યુવાન બને છે. ઝડપથી ઘરડો થતો નથી. આ સબ્જીનું નામ છે ગુચ્ચી. આ એક મશરૂમ ટાઈપની વનસ્પતિ છે પણ દુર્લભ છે. આ વનસ્પતિ હિમાચલ પ્રદેશ અને કાશ્મિરના બર્ફિલા પ્રદેશોમાં થાય છે. આ ગુચ્ચી ૧૯૯૦ની સાલમાં બે હજાર રૂપિયે કિલોગ્રામ મળતી હતી જેનો હાલનો ભાવ પ્રતિકિલોએ ૩૦,૦૦૦ રૂપિયા છે. નરેન્દ્ર મોદી સંઘના પ્રચારક અને ભાજપના હિમાચલપ્રદેશના પ્રભારી હતા ત્યારે તેમને ગુચ્છી અંગે સંશોધન કરીને ભોજનમાં તેનો આગ્રહ રાખ્યો હતો. કહેવાય છે કે ગુચ્ચીમાં વિટામીન ડી અને સી ભરપૂર માત્રામાં હોય છે. આ સબ્જી ખાવાથી હાર્ટનો પ્રોબ્લેમ થતો નથી. ગુજરાતના મુખ્યમંત્રી બન્યા તે પહેલાં એટલે કે ૧૯૯૦ થી ૨૦૦૦ના અરસામાં નરેન્દ્ર મોદી ગુચ્છીની ભાજીનું શાક ખાતા હતા. મોદીના જ શબ્દોમાં કહીએ તો માનવીની તંદુરસ્તી અને વધારે કામ કરવાની સ્ફૂર્તિ આ વનસ્પતિમાંથી મળે છે. મોદીને તે પ્રિય છે.

### ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી ડિસેમ્બર મહિનામાં બે તબક્કે થવાની શક્યતા

**બે કરોડ મકાનો જોઇએ પરંતુ એક કરોડ ખાલી છે...**

ભારતમાં બે કરોડ મકાનોની આવશ્યકતા છે ત્યારે ૧.૫ કરોડ મકાનો ખાલી પડ્યા છે. આ મકાનોમાં હાલ કોઈ વસવાટ નથી. સરકાર નબળાં વર્ગો માટે નાનકડાં મકાનો બનાવી રહી છે ત્યારે મધ્યમ વર્ગ માટે બનાવવામાં આવેલા આ મકાનોમાં વસવાટ થાય તે પણ જરૂરી છે. અબજો રૂપિયાની આ પ્રોપર્ટી વેચાયા વિનાની પડી રહી છે અથવા તો તેનો કોઈ ઉપયોગ નથી. ભારતની સરખામણીએ ગુજરાતમાં રહેવા લાયક કહી શકાય તેવા મકાનોની સંખ્યા ૧.૭૫ કરોડ છે જે પૈકી ૨૪ લાખ ઘરમાં પરિવારનો વસવાટ નથી. એટલે કે જ્યાં પરિવારો વસે છે તેવા મકાનોની સંખ્યા ૧.૫૧ કરોડ છે. સરકારે એફોર્ડેબલ હાઉસિંગની સ્કીમ બનાવતાં પહેલાં આ ખાલી પડેલા મકાનોમાં બિલ્ડર્સ કે ડેવલપર્સને રાહત આપીને લોકોને રહેવા માટે સુવિધા કરી આપવી જોઇએ.

**કૈલાસનાથન- ડિસેમ્બર પછી મુકામ પોસ્ટ દિલ્હી...**

ગુજરાતમાં મુખ્યમંત્રીના ચીફ પ્રિન્સિપલ સેક્રેટરી કુનિયન કૈલાસનાથન નવી દિલ્હી જઇ રહ્યાં છે પરંતુ ગુજરાત વિધાનસભાની ચૂંટણી પછીનો સમય તય થયો છે. પહેલાં વિધાનસભા પછી લોકસભા- કૈલાસનાથનની સ્ટેટેજી પ્રમાણે ચૂંટણી લડાશે. મે-૨૦૧૩માં

આભાર - નિહારીકા રવિયા

વયનિવૃત્ત થયેલા સનદી અધિકારી કૈલાસનાથન પહેલાં નરેન્દ્ર મોદી, આનંદીબહેન અને ત્યારબાદ વિજય રૂપાણી સરકારની વહીવટી બાબતો સંભાળે છે. તેમણે તેમની બ્યુરોક્રેસીની સફર ૧લી સપ્ટેમ્બર ૧૯૮૧થી આસીસ્ટન્ટ કલેક્ટરની નિયુક્તિથી કરી હતી. ૧૯૭૯ બેચના આ ઓફિસર નરેન્દ્ર મોદીના ખાસ વિશ્વાસુ છે. મોદી તેમનો ઉપયોગ લોકસભાની ચૂંટણીમાં કરવા માગે છે તેથી કૈલાસનાથનની સફર સીએમઓ થી પીએમઓ સુધીની રહેવાની પુરી શક્યતા છે.

**ગીથા જોહરીને લોટરી લાગશે કે નહીં તે સવાલ...**

ગુજરાતના પોલીસ વડા તરીકે હંગામી નિયુક્ત થયેલા ગીથા જોહરી શું કાયમી પોલીસ વડા નહીં બને તેવો સવાલ પોલીસ ભવનમાં ચર્ચાઇ રહ્યો છે, કેમ કે જો સરકાર તેમને કાયમી પોલીસ વડા બનાવવા માગતી હોય તો તે કામ નવેમ્બર પહેલાં પૂર્ણ કરવું પડે તેમ છે કારણ કે નવેમ્બર ૨૦૧૭માં ગીથા જોહરી નિવૃત્ત થઇ રહ્યાં છે. જો કે તેમને ત્રણ કે છ મહિનાનું એક્સટેન્શન પણ મળી શકે છે. સરકાર ઈચ્છતી નથી કે તેમને કાયમી ડીજીપી બનાવવામાં આવે, જો તેમ થાય તો વિધાનસભાની ચૂંટણી ઈન્ચાર્ડ ડીજીપીથી કરવી પડશે. ગૃહ વિભાગના સૂત્રો આ શક્યતાનો ઈન્કાર કરી રહ્યાં છે અને કહે છે કે ટૂંક સમયમાં ગીથા જોહરીને કાયમી ડીજીપી બનાવી દેવામાં આવશે.

**અગ્રવાલ સાહેબને ખુશ થવાની જરૂર નથી...**

ગુજરાતના હાલના મુખ્યસચિવ અને ૧૯૮૩ બેચના આઈએએસ ઓફિસર ડો. જગદીપ નારાયણ સિંઘ મે ૨૦૧૯માં વય નિવૃત્ત થઈ રહ્યાં છે. તેમના પછી જે અનુગામી બનવાના છે તેમાં પહેલું નામ ૧૯૮૫ બેચના આઈએએસ ઓફિસર અનિલ મુકીમનું આવે છે. તેઓ હાલ ફાયનાન્સ ડિપાર્ટમેન્ટમાં એડીશનલ ચીફ સેક્રેટરી તરીકે ફરજ બજાવે છે. બીજું નામ હમણાં જ ચર્ચામાં આવ્યું છે અને તે અરવિંદ અગ્રવાલનું છે. તેઓ ૧૯૮૪ બેચના આઈએએસ ઓફિસર છે અને હાલ ફોરેસ્ટ એન્ડ એનવાયર્નમેન્ટ ડિપાર્ટમેન્ટમાં ફરજ બજાવે છે. જો કે તેમની સામે સુરતની જીઆઈડીસી જમીનના કિસ્સામાં તપાસ શરૂ થઈ હતી. સરકારે સિનિયોરિટી જોઈને જે.એન.સિંઘના સ્થાને એક સપ્તાહ માટે ચીફ સેક્રેટરીનો વધારાનો ચાર્જ સોંપ્યો હતો, પરંતુ સચિવાલયના સૂત્રો કહે છે કે ચીફ સેક્રેટરીનો ચાર્જ આપવાનો મતલબ એ નથી થતો કે તેમને સરકાર ફુલટાઇમ ચીફ સેક્રેટરી બનાવે, જો કે હજી આવું વિચારવું પણ વહેલું છે, કેમ કે સિંઘ પાસે ૨૦૧૯ સુધીનો સમય છે.